# MSME ની guidelines

ખાસ જણાવવાનું કે BUDGET 2023 માં MSME માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ પાસે થી કરેલ ખરીદીઓ તથા ખર્ચાઓ પેટે થતી ચુકવણી માટેના નિયમો આવકવેરા કાયદામાં આવરી લીધા છે. આ માટે નવી કલમ ૪૩બી (એચ) ઉમેરવામાં આવેલ છે. MSME માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એટલે એવા યુનિટ જે MSME 2006 હેઠળ રજીસ્ટ્ર્ડ હોય,

- MSME ACT, 2006 કાયદા હેઠળ રજીસ્ટ્ર્ડ, MSME UNIT ની વિવિધ કેટેગરીઓ નીચે મુજબ છે. જેની બંને શરતો ની સંયુક્ત રીતે અમલવારી થવી જોઇએ.

| | માઇક્રો (લઘુ) (Rs.) | સ્મોલ (નાના) (Rs.) | મિડિયમ (મધ્યમ) (Rs.) |
|---|---|---|---|
| પ્લાન્ટ/મશીનરી માં રોકાણ અને વાર્ષિક ટર્નઓવર | ૧ કરોડ સુધી અને ૫ કરોડ સુધી | ૧૦ કરોડ સુધી અને ૫૦ કરોડ સુધી | ૫૦ કરોડ સુધી અને ૨૫૦ કરોડ સુધી |

- આ 43B નો નવો નિયમ તારીખ ૦૧/૦૪/૨૦૨૩ થી અમલી બનશે. આ કલમ મુજબ આપે ખરીદીઓ તથા લીધેલ સેવાઓ આપનાર વ્યક્તિ, જો MSME ACT 2006 હેઠળ રજીસ્ટર્ડ હોય અને માઇક્રો તથા માલ કેટેગરી ના યુનિટ હોય તો તેના માટે લાગુ પડશે.

આ સુધારા અન્વયે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાન રાખશો

- MSME UNIT પાસેથી કરેલ ખરીદીઓ તથા લીધેલ સેવાનું ચુકવણું , ખરીદી કરનાર/સેવા લેનાર એ બિલ ની તારીખ થી ૧૫ દિવસ માં ચૂકવી આપવાનું રહેશે. (જો કોઇ લેખિત કરાર નહી કરેલ હોય તો)
- MSME UNIT પાસેથી કરેલ ખરીદીઓ તથા લીધેલ સેવાનું ચુકવણું, ખરીદી કરનાર/સેવા લેનાર એ બિલ ની તારીખ થી ૪૫ દિવસમાં ચૂકવી આપવાનું રહેશે. (જો કોઇ લેખિત કરાર કરેલ હોય તો)
- જો બંને પાર્ટી વચ્ચે કરાર કરીને ચુકવણી ની મુદ્દત વધારવામાં આવેલ હોય અથવા વેપાર ધંધા ને અનુરૂપ ક્રેડિટ પીરીયડ વધારે હોય તો પણ ૪૫ દિવસ ની અંદર ચુકવણું કરવું ફરજિયાત છે.
- જે વર્ષમાં ચુકવણું કરવામાં આવશે તે વર્ષમાં ખરીદી/ખર્ચ બાદ મળશે.નાણાંકીય વર્ષ 2023-24 ના બિલ જો નાણાંકીય વર્ષ 2024-25 માં ૧૫/૪૫ દિવસ પછી ચૂકવા માં આવે તો ખરીદી/ખર્ચ નાણાંકીય વર્ષ 2024-25 માં બાદ મળશે. પરંતુ નાણાંકીય વર્ષ 2023-24 વર્ષમાં ખરીદી/ખર્ચ નામંજૂર થશે તથા તેના ઉપર આવકવેરો ભરવો પડશે.
- MSME ACT, 2006 મુજબ જે રકમ ૧૫/૪૫ દિવસ પછી ચૂકવવા માં આવશે તેના ઉપર MSME ACT, 2006 ના નિયમો પ્રમાણે OUTSTANDING/PAYMENT AMOUNT પર ખરીદી કરનાર/સેવા લેનાર એ ૧૨% ચક્રવૃધ્ધી વ્યાજ સાથે PAYMENT કરવાની જવાબદારી થાય.
- વધુ માં ઉપર મુજબ MSME UNIT ને ૧૫/૪૫ દિવસ થી મોડી ચુકવણી પર જે INTEREST (INTEREST ON LATE PAYMENT TO CREDITORS) ચૂકવવામાં આવે તો INTEREST INCOME TAX માં DIS-ALLOW થાય એટલે કે બાદ ના મળે.

V V Kothari & Associates

8140844454

admin@vvkothari.com

0281-2978421

www.vvkothari.com

આથી દરેક client ને સુચન આપવામાં આવે છે કે,

- 01-04-2023 થી book of accounts માં દરેક supplier/creditors નું MSME ના નિયમ મુજબ bifurcation ફરજિયાત કરવાનું રહેશે. Balance Sheet માં બધા creditor/supplier નું MSME creditor/non-MSME creditor એમ separate bifurcation રાખવું.
- દરેક supplier/creditors નું MSME certificate લેવુ અને તેનું status update રાખવું i.e. Micro/small/medium.
- 01/04/2023 થી કોઈપણ supplier ની સાથે payment credit period 45 દિવસ થી વધુ રાખવો નહી અને 45 દિવસ માટે written agreement કરી લેવું. જો પેમેન્ટ/ક્રેડિટ માટે written agreement નો હોય તો ફરજિયાત 15 દિવસ માં payment કરવાનું રહેશે.
- MSMED ACT ના નિયમ મુજબ : Buyer અને supplier વચ્ચે કોઈપણ credit/payment period નક્કી થયો હોય તો પણ જો payment 45 દિવસ પછી કરવામાં આવે તો MSMED ACT ની section 16 મુજબ buyer પર supplier ને interest ચુકવવા ની કાયદાકીય જવાબદારી આવે.
- Year ending વખતે, એટલે કે 31-03-2024 ના રોજ અગાઉ થી outstanding creditors (January-2024) થી ચેક કરીને પેમેન્ટ કરી દેવું અને ખાસ ધ્યાન રાખવું કે 31-03-2024 ના રોજ જે outstanding supplier/creditor હોય એ MSME ની guidelines મુજબ ૧૫/૪૫ દિવસ ના નિયમ મુજબ bifurcated હોય. જે થી કોઇ creditor section 43B માં DIS-ALLOW ના થાય.

V V Kothari & Associates

8140844454

admin@vvkothari.com

0281-2978421

www.vvkothari.com